EDI

Divyabhaskar

May 05, 2016
Page No. 2

# શિક્ષણ | ચીની વિદ્યાર્થીઓએ EDIIમાં હિન્દીની તાલીમ લીધી

અમદાવાદ | એન્ટરપ્રેન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાયામાં ચીનના 13 વિદ્યાર્થીઓએ વ્યવસાયિક હિન્દી ભાષાની તાલીમ મેળવી હતી. ચીનની યુનાન મિન્ઝુ યુનિવર્સિટીમાંથી 11 અને ગ્વાન્ડોન્ગં યુનિવર્સિટી ઓફ ફોરેન સ્ટડીઝમાંથી 2 વિદ્યાર્થીઓ ઈડીઆઈઆઈ ખાતે બિઝનેસ હિન્દીની તાલીમ લેવા આવ્યા હતા. ડિરેકટર ડો.સુનિલ શુક્લાએ જણાવ્યું હતું કે આ કોર્સને રૂચિપૂર્ણ બનાવવા માટે વિદ્યાર્થીઓને ભારતીય સંસ્કૃતિ, તહેવાર, સાહિત્યનો કોર્સમાં સમાવેશ કરાયો હતો.